| | |
|---|---|
| રજીસ્ટર્ડ તારીખ: | ૨૧–૦૭–૨૦૧૪ |
| જજમેન્ટ તારીખ: | ૦૪–૦૧–૨૦૧૯ |
| સમયગાળો: | વર્ષ માસ દિવસ |
| | ૦૪ ૦૫ ૧૩ |

**IN THE PRINCIPAL SENIOUR CIVIL COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 84 OF 2014.**

**Plaintiff :**

1. અ. મજીદ મહંમદ શેખ,
   રહે. જંબુસર, તા. જંબુસર, જી. ભરુચ.

2. ઈકબાલ મહંમદ શેખ,
   રહે. જંબુસર, તા. જંબુસર, જી. ભરુચ.

**VERSUS**

**Defendant :**

1. મુસ્તાકશા મહંમદશા ચાંદશા,
   રહે. જંબુસર, તા. જંબુસર, જી. ભરુચ.

2. આલમશા મહંમદશા ચાંદશા,,
   રહે. જંબુસર, તા. જંબુસર, જી. ભરુચ.

3. શબ્બીરશા મહંમદશા ચાંદશા,
   રહે. જંબુસર, તા. જંબુસર, જી. ભરુચ.

Appearance:
L. A. MR. A. S. KARMADWALA For Plaintiffs
L. A. MR. S. N. LUHAR For Defendants

**– : આંક–૫ લગત હુકમ : –**

RMP

૧. વાદીઓએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. સદર હુકમ આંક–૫ લગત કરવામાં આવતો હોય વાદીઓની આંક–૫ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, નીચે જણાવેલ ખેતીની જમીન નામ. કોર્ટની હકુમતમાં મોજે જંબુસર, તા. જંબુસર, જી. ભરુચની સીમમાં આવેલી છે, જેની વિગત નીચે મુજબ છે.

| ખાતા નંબર | સર્વે / બ્લોક નંબર | આકાર, રુ. પૈસા. |
|---|---|---|
| ૨૫ | ૨૬૮૭ | ૧૩.૦૦ |

જેની ચતુર્થ દિશા નીચે મુજબ છે.

પૂર્વે : જંબુસર–કુંઢળ રોડ છે.

પશ્ચિમેઃ સરકારી નળી આવેલી છે.

ઉત્તરે : કાદરભાઈ પટેલ ઘાંચીનું ખેતર છે.

દક્ષિણે : યાવરખાં હનીફખાનું ખેતર છે.

ઉપરોકત દાવાવાળી જમીનના માલિકો અને પ્રત્યક્ષ કબજેદારો વાદીઓ છે. સદર દાવાવાળી જમીનના માલિકો અને પ્રત્યક્ષ કબજેદારો વાદીઓ અગાઉ, (૧) જયંતિભાઈ ઉર્ફે જેન્તીભાઈ નાનાભાઈ, (૨) શાંતાબેન ચંદુભાઈની વિધવા, (૩) રણછોડભાઈ ચંદુભાઈ, (૪) ભીખીબેન ચંદુભાઈ, (૫) ચંપકભાઈ ચંદુભાઈ, (૬) અશોકભાઈ ચંદુભાઈ અને (૭) સોમાભાઈ ચંદુભાઈ હતા. નંબર ૨ થી ૭ અગાઉ સદર દાવાવાળી જમીનના સહમાલિક નં. ૧, જયંતિભાઈ સાથે તેમના ભાઈ ચંદુભાઈ નાનાભાઈ હતા, ચંદુભાઈ નાનાભાઈ ગુજરી જતાં ચંદુભાઈના સીધીલીટીના વ ારસો નં.૨ થી ૭ અન્ય સહમાલિક જયંતિભાઈ સાથે વારસાઈ હકકથી સદર દાવાવાળી જમીનના સહમાલિકો અને પ્રત્યક્ષ કબજેદારો બનેલા. વાદીઓએ સદર દાવાવાળી જમીન તેના ઉપર જણાવેલા માલિકો પાસેથી તા. ૨૪–૮–૦૯ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજી રુ. ૧,૦૦,૦૦૦/–ના અવેજમાં વેચાણ રાખેલી, જેનો રજીસ્ર્ટડ વેચાણ દસ્તાવેજ તેઓ તમામે તા.૨૪–૮–૦૯ના રોજ વાદીઓને કરી આપી જંબુસરના સબ–રજીસ્ટ્રાર પાસે રજીસ્ટર્ડ કરાવી આપેલો તેમજદાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કજબો વાદીઓને સોંપેલો ત્યારથી વાદીઓ દાવાવાળી જમીનના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં અને માલિકી હકકે સદર જમીન ખેડી તેનું ઉત્પન્ન લેતા આવેલા છે તેમજ વાદીઓનાનામ રેકર્ડ ઓફ રાઈટસમાં દાખલ કરવા જરુરી કાર્યવાહી મહેસુલી ખાતા રાહે કરવામાં આવેલી અને વાદીઓના નામની ફેરફાર નોંધ નં. ૨૩૩૩૧ રેકર્ડ ઓફ રાઈટસમાં પાડવામાં

આવેલી, પરંતુ સદર દાવાવાળી જમીનના બીજા હકકમાં એક રસુલ મહંમદ નામથી વ્યકિતના દેવાના ખાંધાની નોંન ં. ૩૫૩૧, તા. ૧૭–૧૧–૩૩ની રુ. ૪૭૧/–, આના–૭, પૈસા–૯ની હતી, જે કારણે મહેસુલી અધિકારીએ તે નોંધ રદ ક રેલી, મહેસુલી અધિકારીનો નોંધ રદ કરવાનો નિર્ણય તદૃન ખોટો હતો, જે કારણે તે સામેની જરુરી કાર્યવાહી વાદીઓ મહેસુલી રાહે કરી રહયાં છે, પરંતુ ફકત વાદીઓના નામની વેચાણ નોંધ રદ થવાથી સદર મિલકતમાં વાદીઓને પ્રાપ્ત થયેલા માલિકી હકકને કોઈ જ અસર થતી નથી અને વાદીઓને વેચાણ આપનારાઓના નામો મહેસુલી રેકર્ડમાં જેમ હતા તેમ ચાલું રહેલા છે.જેથી હાલ દાવાવાળી જમીનના મહેસુલી રેકર્ડમાં જયંતિભાઈ નાનાભાઈ વિગેરેના નામો ચાલે છે જે માત્ર ઔપચારીક છે. પ્રતિવાદીઓને દાવાવાળી મિલ્કતમાં કોઈ જ હકક–હીત, સબંધ નથી, દાવાવાળી જમીન સાથે તેઓને કંઈ જ લેવાદેવા નથી, તેમછતાં તેઓ દાવાવાળી મિલકત વાદીઓ પાસેથી પડાવી લેવાનો ઈરાદો ધરાવે છે અને વાદીઓના કબજા ભોગવટામાં હરકત કરે છે, તા.૧૪–૭–૧૪ના રોજ જયારે વાદી નં.ર તેમના દાવાવાળા ખેતરમાં જઈ રહયા હતા ત્યારે પ્રતિવાદીઓ વાદી નં.રને મળેલા અને કહેલું કે, " તમો આ જમીનમાં જશો નહિ, એ ખેતર તો અમારું છે, અમો તે ખેડી લેવાના છે" પ્રતિવાદીઓ માથાભારે માણસો છે, જો તેઓ દાવાવાળી જમીનના વાદીઓના કબજામાં તેમની ધમકી પ્રમાણે દખલગીરી કરે તો વાદીઓને નાણાંથી બદલો મળે ના તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે, જેથી વાદીઓએ પ્રતિવાદીઓ સામે યોગ્ય સ્વરુપનો કાયમી મનાઈહુકમ મેળવવા હાલનો દાવો કરી ચાલું દાવે દરમ્યાન મનાઈહુકમા મેળવવા હાલની અરજ ગુજારેલ છે.

ર. સદર દાવા અરજી તા આંક–પની મનાઈ અરજી દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ, નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરતાં, આ કામે પ્રતિવાદીઓએ કોર્ટનો સમન્સ, નોટીસ બજી જતાં પ્ર તિવાદીઓએ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ વાદીઓની દાવા અરજી તથા મનાઈઅરજીનો સંયુકત જવાબ આંક–૧૬ આપી જણાવેલ છે કે, વાદીની દરમ્યાન અરજીને નોન–જોઈન્ડર ઓફ પાર્ટીસ અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીસનો સ્પષ્ટ બાધ નડે છે, મનાઈ અરજીના પેરા–૧ની બ્લોક/સર્વે નં. ૨૬૮૭ સિવાયની હકીકતો તેઓને કબુલ મંજુર નથી, મનાઈ અરજીના પેરા–૩ની હકીકતોનો તેઓ ઈન્કાર કરે છે તથા પેરા–૪ અને પની તમામ હકીકતો તેઓને કબુલ મંજુર નથી તેમજ પેરા–૬ની તમામ હકીકતોનો પણ તેઓએ ઈન્કાર કરેલ છે અને સત્ય

હકીકત જણાવતાં જણાવે છે કે, સદર દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓનું કૌટુંબિક વડીલોનું ખાનગી કબ્રસ્તાન છે, નહિ કે ખેતીની જમીન, જે કંકરશા પીરશાનાં કબ્રસ્તાન તરીકે ઓળખાય છે, જેમાં પ્રતિવાદીઓના વડવાઓના સમયથી તથા હાલમાં પણ દફનવિધિ થાય છે, સદર કબ્રસ્તાનમાં સદર દાવાના પેરા નં.૨માં જણાવેલ ઈસમોએ કયારે અને કેવી રીતે પોતાના નામો રેવન્યું રેકર્ડમાં દાખલ કરાવ્યા અને તેઓએ કયારે હાલના વાદીઓને દસ્તાવેજ કરી આપેલ તેની પ્રતિવાદીઓને કોઈ માહિતી નથી. દાવાવાળી મિલ્કતના રેવન્યું રેકર્ડમાં પણ સદર મિલકતને કંકરશા પીરશાનાં કબ્રસ્તાન તરીકે દર્શાવેલ છે અને પેરા નં.૨માં જણાવેલ ઈસમોએ રેવન્યું અધિકારીઓનાં મેળાપીપણામાં રેવન્યું રેકર્ડમાં કબ્રસ્તાન તરીકે ચાલતી મિલકતને ખેતીની જમીનમાં તબદીલ કરેલ છે. વધુમાં વાદીઓએ પ્રતિવાદીઓ તથા તેમના કાકાના દિકરાઓની સાથે જંબુસરના મહેરાન પબ્લીક નોટરી રુબરુ રજીસ્ટર્ડ લખાણ, વાદીઓ તથા પ્રતિવાદીઓના સાક્ષીઓની હાજરીમાં કરી આપેલ છે અને સદર રજીસ્ટર્ડ લખાણમાં મિલકતને કબ્રસ્તાન તરીકે સ્વીકારેલ છે અને સદર મિલકત પ્રતિવાદીઓનું ખાનગી કબ્રસ્તાન હોય જે તેઓ પ્રતિવાદીઓ તથા તેઓ પ્રતિવાદીઓના કાકાનાં દિકરાઓને પરત આપવા માટેનું સદર રજીસ્ટર્ડ લખાણ કરી સમાધાન કરાર કરી આપેલ છે. જેથી પણ વાદીઓને પ્રતિવાદીઓ સામે હાલનો દાવો દાખલ કરવા કોઈ હકક કે અધિકાર નથી, મનાઈઅરજીમાં જણાવ્યા મુજબનું કોઈ જ કારણ પ્રતિવાદીઓ વિરુધ્ધ ઉત્પન્ન થતું નથી, જેથી વાદીઓની મનાઈ અરજી કાયદેસર ચાલવાપાત્ર નથી, વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીઓના લાભમાં છે અને જો વાદીઓની તરફેણમાં મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓના કાયદેસરના હકકોને નુકશાન થાય તેમ છે તથા નાણામાં વળનર ન મળી શકે તેવું આર્થિક નુકશાન થાય તેમ છે. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદીઓએ વાદીઓની દરમ્યાન મનાઈઅરજી કોમ્પન્સેટરી કોસ્ટ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

૩. સદર કામે વાદીઓ તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૧) નિ. ૩/૧થી મોજે જંબુસરના ખાતા નં. ૨૫નો ગામ નમુનો નંબર–૮(અ)ની ખરી નકલ,
(૨) નિ. ૩/૨થી મોજે જંબુસરના બ્લોક/સર્વે નં. ૨૬૮૭નો ગામ નમુનો નં.૭ની ખરી નકલ,
(૩) નિ. ૩/૩થી મોજે જંબુસરના બ્લોક/સર્વે નં. ૨૬૮૭નો ગામ નમુનો નં.૧૨ની ખરી નકલ,

(૪) નિ. ૩/૪થી દાવાવાળી મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ.

૪. સદર કામે પ્રતિવાદીઓ તરફે આંક–૧૭ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૧) નિ. ૧૭/૧થી ગામ નમુના નં.૭ અને ૧૨ના ઉતારાની સને ૧૯૫૦–૫૧થી ૧૯૬૦–૬૧ની ખરી નકલની ઝેરોક્ષ.

(૨) નિ. ૧૭/૨થી પ્રતિવાદીઓ અને વાદીઓ વચ્ચે થયેલ સમાધાન કરારની ઝેરોક્ષ.

(૩) નિ. ૧૭/૩થી જંબુસર નગરપાલિકાના જા.નં.૧૨૯૭થી આપેલ કાગળનો ઝેરોક્ષ.

૫. વાદી તરફથી તેમના વિ.વ.શ્રી એ. એસ.કરમાડવાલા તથા પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રી એસ. એન. લુહારની મૌખિક દલીલો સાંભળી ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૬. પક્ષકરોનાં ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલીલોનાં આધારે મારાં નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ મુજબ

૮. ઉપરોકત તમામ મુદાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટિએ એકબીજાની સલંગ્ન હોય ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુ થી તમામની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

**:કારણો:**

**<u>મુદ્દા નં.૧ થી ૩</u>:**

૯. એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજીથી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે, જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે. આમ છતા ,આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતોને ઘ્યાને લેવાના રહે છે. એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ઘ્વારા તેનો ગેરકાયદેસર રીતે થતો ભંગ પ્રથમ દર્શનિય રીતે પુરવાર કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમદર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિઘ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ઘ્યાનમા રાખવી જરૂરી બને છે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ઘ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરુ છું.

૧૦. આ કામે વાદીઓએ નિ. ૩/૧થી મોજે જંબુસરના ખાતા નં. ૨૫નો ગામ નમુનો

નંબર–૮(અ)ની ખરી નકલ, નિ. ૩/૨થી મોજે જંબુસરના બ્લોક/સર્વે નં. ૨૬૮૭નો ગામ નમુનો નં.૭ની ખરી નકલ, નિ. ૩/૩થી મોજે જંબુસરના બ્લોક/સર્વે નં. ૨૬૮૭નો ગામ નમુનો નં.૧૨ની ખરી નકલ તથા નિ. ૩/૪થી દાવાવાળી મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે, જયારે પ્રતિવાદીઓ તરફે નિ. ૧૭/૧થી ગામ નમુના નં.૭ અને ૧૨ના ઉતારાની સને ૧૯૫૦–૫૧ થી ૧૯૬૦–૬૧ની ખરી નકલની ઝેરોક્ષ, નિ. ૧૭/૨થી પ્રતિવાદીઓ અને વાદીઓ વચ્ચે થયેલ સમાધાન કરારની ઝેરોક્ષ તથા નિ. ૧૭/૩થી જંબુસર નગરપાલિકાના જા.નં.૧૨૯૭થી આપેલ કાગળનો ઝેરોક્ષ રજુ કરેલ છે. વધુમાં વાદીઓ તથા પ્રતિવાદી વચ્ચે થયેલ સમાધાન કરારની ઝેરોક્ષ જે નિ. ૧૭/૨થી રજુ કરવામાં આવેલ છે, તે જતાં દાવાવાળી જગ્યા કબ્રસ્તાન હોવાનું પ્રથમ દર્શનીય જણાઈ આવે છે તેમજ તે સમાધાનમાં બન્ને પક્ષકારોના ફોટા ચોંડેલાં છે અને સહીઓ કરેલી છે. જેથી સદર સમાધાન સાચું છે કે ખોટું એ પુરાવાનો વિષય હોઈ, જયાં પુરાવો લેવામાં ન આવે ત્યાં સુધી દાવાવાળી જગ્યા કોના કબજા ભોગવટામાં અને કોની માલિકીની છે તે ખબર ન પડે. જેથી હું મુદ્દા નં. ૧ થી ૩નો જવાબ નકારમાં આપી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**: <u>હુ ક મ</u> :**

(૧) વાદીઓની હાલની આંક–૫ની દરમ્યાન મનાઈઅરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ અરજી નો ખર્ચ દાવાના પરિણામને અનુશરશે.

(૩) આ હુકમની યાદી પ્રતિવાદીઓને કરવી.

ઉપર મુજબનો હુકમ આજરોજ તારીખ ૪થી માહે જાન્યુઆરી સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪–૦૧–૨૦૧૯
જંબુસર.

( એ. પી. ગોસ્વામી ),
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
જં બુ સર .

RMP